# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૩/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

ભાજપ, સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, મહામંત્રી સર્વે શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક નિવેદનમાં જણાવે છે કે,

આગામી તા.૧૪મી એપ્રિલ, ડો.બાબાસાહેબ જન્મજયંતિને ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર દ્વારા સમરસતા દિવસ તરીકે ઉજવવામાં આવશે અને આ દિવસે ડો.બાબાસાહેબ આંબેડકર ગૌરવ યાત્રા, બંધારણની પોથી યાત્રા કાઢવામાં આવશે અને સાંજે ભીમ કથાનું આયોજન કરાયું છે.

ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ભાજપે આ દિવસને સમરસતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે.ભાજપના સ્થાનિક પરિવારો વિવિધ સેવા વસ્તી તેમજ અનુજાતિ અને અનુજનજાતિના પરિવારો સાથે સમરસતાનો ભાવ જાગે એ માટે ચા-પાણી અને ભોજન કર્યા. તા.૧૪મી એપ્રિલે સવારે ૮.૦૦ કલાકે રીંગરોડ સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. જેમાં ભાજપના તમામ આગેવાનો-કાર્યકરો જોડાશે. આ ઉપરાંત પુષ્પાંજલી બાદ સવારે ૮.૩૦ કલાકે ડો.બાબાસાહેબ આંબેડકર ગૌરવ યાત્રા અને બંધારણ પોથી યાત્રા કાઢવામાં આવશે. એક વિશિષ્ટ પ્રકારે સજાવટ કરીને બનાવાયેલા રથમાં ડો.બાબાસાહેબ આંબેડકરની તસવીર અને બંધારણ મુકવામાં આવશે. અનુ.જાતિ અને અનુ.જનજાતિના વિવિધ વિસ્તારોમાં આ યાત્રા ફરશે. લોકો ફટાકડા, ઢોલનગારા અને પુષ્પાંજલી અર્પણ કરી યાત્રાનું સ્વાગત કરશે. આ યાત્રા ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાથી નિકળી મોટી લાલવાડી, કૈલાશનગર, પંજાવા સ્ટ્રીટ, નાડીયાવાડ, રૂદરપુરા છપ્પન ચાલ, નવો મહોલ્લો ચાર રસ્તા, સાંઇ મંદિર, મલેકવાડી, નવસારી બજાર, ડીકેએમ હોસ્પિટલ, સૈયદપુરા નવીચાલ, સૈયદપુરા પંપીગ સ્ટેશન,કતારગામ દરવાજા, કાજીપુરા સ્ટ્રીટ, રામપુરા રામબાગ, જલારામ મંદિર થઇ ગોતાલાવાડી ટેનામેન્ટ ખાતે સમાપન થશે. સમાપનના સ્થળે રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. જેમાં ગૌરવ યાત્રાના તમામ કાર્યકરો જોડાશે. ગોતાલાવાડી ટેનામેન્ટ ખાતે આયોજિત કાર્યક્રમમાં માં વાત્સલ્ય કાર્ડના લાભાર્થીઓને આ કાર્ડનું વિતરણ પણ કરાશે. ત્યારબાદ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન વોર્ડ નં.૧ (રાંદેર-જહાંગીરપુરા-વરિયાવ) ભીમ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, ગાયત્રીનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, છાપરાભાઠા-અમરોલી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વક્તા શ્રી અખિલેશજી પાંડે ડો.બાબાસાહેબ આંબેડકરજીના જીવન ઉપર ભીમ કથા રજૂ કરશે.